મહર્ષિ અષ્ટાવક સમુદાય આધારીત વિકલાંગ
પુનઃસ્થાપન યોજનાની સમીક્ષા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ-અપગ-૧૦૨૦૦૩-૬૭૪-છ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૯-૧૧-૨૦૦૫.

30 NOV 2005

ઠ રા વ :-

રાજયમાં વિકલાંગ વ્યકિતઓને શિક્ષણ, તાલીમ અને સામુહિક પુનઃસ્થાપન માટે રાજય સરકારે તા.૪-૧-૨૦૦૧ના ઠરાવથી મહર્ષિ અષ્ટાવક સમુદાય આધારીત વિકલાંગ પુનઃસ્થાપન યોજના અમલમાં મુકેલ છે.

૨. આ યોજનામાં વિકલાંગ કલ્યાણ માટે કેન્દ્ર/રાજય સરકાર તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓ તરફથી ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની જાણકારી અપંગ વ્યકિતઓને મળે અને તેનો લાભ મેળવી શકે તે માટે અપંગોને શિક્ષણ, આરોગ્ય, તાલીમ પુનઃ વસવાટને લગતી વિવિધ જાણકારી તાલુકા/ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ થાય તેવા હેતુથી અમલમાં મુકેલ છે.

૩. આ યોજનામાં દરેક તાલુકા માટે એક સ્વૈચ્છીક સંસ્થાને કામગીરી સોંપવામાં આવે છે. સંસ્થાએ વિકલાંગોની મોજણી કરવી, વિકલાંગોને મળવાપાત્ર લાભોની જાણકારી આપવી, લાભ મેળવવામાં સહાય કરવી, વિકલાંગતાનું પ્રમાણપત્ર મેળવવા મદદ કરી પુનઃ સ્થાપન માટે પ્રયત્નો કરવા વિગેરે કામગીરી કરવાની હોય છે. આ માટે સંસ્થાને સ્ટાફ માટે પગાર તથા કન્ટીજન્સી ખર્ચ આપવામાં આવે છે. અંધજન મંડળ નોડલ એજન્સી તરીકે કામગીરી કરે છે. તે કર્મચારીઓને તાલીમ અને સંકલનની કામગીરી કરે છે. તે માટે તેમને સહાય આપવામાં આવે છે.

૪. આ માટે પ્રથમ ૩૭ તાલુકા અને ત્યારબાદ ૮૩ તાલુકા મળી કુલ-૧૨૦ તાલુકામાં સંસ્થાઓની પસંદગી કરી, કામગીરીનો અમલ કરેલ છે. તો આ યોજના અત્યાર સુધીમાં કેટલી અસરકારક રહેલ છે અને તેનાથી લાભાર્થીઓને કેટલો ફાયદો થયેલ છે તે અંગે યોજનાની સમીક્ષા કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

//૨//

૫. આ વિચારણાને અંતે જે ૩૭ તાલુકામાં યોજનાનો પ્રથમ અમલ કરેલ છે. તે તાલુકાઓ કામગીરીની સમીક્ષા કરવાનું નકકી કરવામાં આવે છે . આ માટે નીચે જણાવેલ જુદા જુદા વિભાગના અધિકારીઓની ત્રણ ટીમ બનાવવામાં આવે છે.

ક્રમ	ટીમ-૧ સૌરાષ્ટ	ટીમ-૨ ઉત્તર ગુજરાત	ટીમ-૩ દક્ષિણ ગુજરાત
૧	શ્રી એ.એમ.ઉપાધ્યાય, સંયુકત ચેરીટી કમિશ્નર, રાજકોટ	શ્રી આર.વી.વ્યાસ મદદનીશ ચેરીટી કમિશ્નર, હિંમતનગર	શ્રી વાય.એસ.વ્યાસ મદદનીશ ચેરીટી કમિશ્નર , વડોદરા
૨	શ્રી વી.સી.વૈધ મદદનીશ સહાયક નિરીક્ષક લોકલફંડ રાજકોટ	શ્રી વાય.સી.ત્રિવેદી મદદનીશ સહાયક નિરીક્ષક, લોકલફંડ પાલનપુર	શ્રી એમ.જી.રાણા મદદનીશ સહાયક નિરીક્ષક લોકલ ફંડ, સુરત
૩	શ્રી વી.એચ.ઝાલા ચીટનીશ કમિશ્નરશ્રી, ગામ વિકાસની કચેરી	શ્રી આર.જે.શાહ, સંયુકત નિયામકશ્રી, કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી	કુ.અંજનાબેન પટેલ ચીટનીશ, કમિશ્નર, ગ્રામ વિકાસની કચેરી

૬. ઉપરોકત ટીમોને નીચે મુજબના તાલુકાની કામગીરી સોંપવામાં આવે છે.

ટીમ-૧. સૌરાષ્ટ્ર

અ.નં.	જિલ્લો	તાલુકા
૧	સુરેન્દ્રનગર	(૧) દસાડા-પાટડી (૨) મૂળી
૨	રાજકોટ	(૧) રાજકોટ (૨) ધોરાજી (૩) જેતપુર (૪) ગોંડલ
૩	અમરેલી	(૧) અમરેલી
૪	જામનગર	(૧) જામનગર
૫	કચ્છ	(૧) ભચાઉ (૨) ભૂજ
૬	અમદાવાદ	(૧) બાવળા (૨) ધંધુકા

ટીમ-૨ ઉત્તર ગુજરાત

અ.નં.	જિલ્લો	તાલુકા
૧	બનાસકાંઠા	(૧) પાલનપુર
૨	પાટણ	(૧) સાંતલપુર (૨) સમી (૩) સિધ્ધપુર (૪) ચાણસ્મા (૫) હારીજ
૩	સાબરકાંઠા	(૧) ઇડર (૨) હિમતનગર (૩) બાયડ (૪) પ્રાંતીજ
૪	અમદાવાદ	(૧) વિરમગામ (૨) માંડલ

ટીમ-૩ દક્ષિણ ગુજરાત.

અ.નં.	જિલ્લો	તાલુકા
૧	અમદાવાદ	(૧) સીટી (૨) દસક્રોઇ (૩)સાણંદ
૨	પંચમહાલ	(૧) કાલોલ
૩	દાહોદ	(૧) દાહોદ (૨) લીમખેડા
૪	વડોદરા	(૧) વડોદરા (૨) સંખેડા (૩) કરજણ (૪) ડભોઇ
૫	નવસારી	(૧) નવસારી (૨) ગણદેવી (૩) જલાલપોર

૭. આ ટીમો/સમિતીની શરતો નીચે મુજબ રહેશે.

(૧) પ્રત્યેક ટીમમાં (અ) ચેરીટી કમિશ્નર (કાયદા વિભાગ (બ) લોકલફંડ એકઝામીનર (નાણા વિભાગ) (ક) ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી (ગ્રામ વિકાસ વિભાગ)ના અધિકારીઓની પસંદગી સરકારશ્રીની સૂચના મુજબ કરાયેલ હોઇ સબંધિત વિભાગ/ખાતાના વડાઓએ આ અધિકારીઓને આ કામગીરી માટે ફરજમુકત કરવાના રહેશે.

(૨) ટીમના સભ્યોએ પ્રત્યેક સપ્તાહમાં પ્રથમ ત્રણ દિવસ પોતાની ઓફીસની કામગીરી અને બાંકીના દિવસોએ બે/ત્રણ દિવસ આ કામગીરી સંપૂર્ણપણે પૂર્ણ સમય માટે બજાવવાની રહેશે.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ ત્રણે ટીમ માટેનો પ્રવાસ કાર્યક્રમ નકકી કરીને ટીમના સભ્યોને અગાઉથી મોકલી આપવાનો રહેશે.

(૪) પ્રત્યેક ટીમની મુલાકાત સમયે જે તે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ટીમની સાથે રહેશે અને માર્ગદર્શન તથા સહયોગ આપશે.

(૫) ટીમના સભ્યોને નિયમોનુસાર મળવાપાત્ર ભથ્થાં (ટી.એ./ડી.એ.) પોતાની કચેરીમાંથી આકારવાના રહેશે.

(૬) આ યોજનાની નોડલ એજન્સી અંધજન મંડળ, અમદાવાદે આ ટીમોને જોઇતી માહિતી તથા કામગીરીમાં સહકાર આપવાનો રહેશે.

(૭) પ્રત્યેક ટીમે તેમને ફાળવેલ તાલુકાઓની મુલાકાતની કામગીરી બે માસમાં પૂર્ણ કરીને તેમનો અહેવાલ નિયામકશ્રી, સમાજ સુરક્ષાને આપવાનો રહે છે.

(૮) નિયામકશ્રીએ ત્રણેય ટીમનો સંકલીત અહેવાલ, પોતાના અભિપ્રાયો સાથે સરકારશ્રીને રજૂ કરવાનો રહેશે.

૮. આ ટીમોએ નીચે જણાવેલ વિગતો કામગીરી કરવાની રહેશે.

(૧) સંસ્થાના ફિલ્ડ વર્કરોએ પ્રત્યેક ગામમાં, ઘેર ઘેર ફરીને સર્વેની કામગીરી કરેલ છે કે કેમ ?

(૨) સંસ્થાએ વિકલાંગોને મળવાપાત્ર લાભોની જાણકારી આપેલ છે કે કેમ અને વિકલાંગો માટેનું મેડીકલ સર્ટીફીકેટ મેળવી આપેલ છે કે કેમ ?

(૩) વિકલાંગોને ઓળખપત્ર અપાવેલ છે કે કેમ ?

(૪) તબીબી સારવારની જરૂર હોય તેવા વિકલાંગોને માર્ગદર્શન આપેલ છે કે કેમ ?

(૫) વિકલાંગોને જરૂરી સાધન સહાય, શિષ્યવૃત્તી જેવા મળવાપાત્ર યોજનાકીય લાભો અપાવેલ છે કે કેમ ?

(૬) વિકલાંગોના પુનઃવસન તાલીમ કે સ્વરોજગારી માટે કરાયેલ પ્રયત્નોની વિગત.

(૭) પ્રત્યેક સંસ્થાની કામગીરી ઉપર નોડલ એજન્સી તરીકે અંધજન મંડળ અમદાવાદે કરેલ નિરીક્ષણ અહેવાલ પણ અવલોકને લેવા તથા તેની કામગીરીની સમીક્ષા/ચકાસણી કરવી.

(૮) સંસ્થાએ નોડલ એજન્સીને જે પ્રગતી રીપોર્ટ કે કામગીરીનો રીપોર્ટ મોકલેલ છે તે મુજબ કામગીરી થયેલ છે કે કેમ ?

(૯) ટીમે સંસ્થાના હોદેદારોની મુલાકાત લઈને સંસ્થા વિશે અભિપ્રાય આપવો.

(૧૦) સંસ્થાની કામગીરી સંદર્ભમાં ગ્રામજનો/અગ્રણીઓ/લાભાર્થીઓની મુલાકાત લઈને અભિપ્રાય મેળવવો.

(૧૧) સરકારશ્રીએ વિકલાંગોના શિક્ષણ, તાલીમ, કલ્યાણ અને સામુહિક પુનઃ વસનના હેતુસર કરેલ ખર્ચ ખરેખર યોગ્ય રીતે થયેલ છે કે કેમ તે અંગે.ટીમનો તટસ્થ અને નિષ્પક્ષ અભિપ્રાય.

(૧૨) સંસ્થાએ કરેલ નાણાંકીય વ્યવહારો/ચૂકવણીની ઝીણવટભરી તપાસ કરવી.
(૧૩) આ યોજના સંદર્ભમાં યોજનાની જોગવાઇ મુજબ કામગીરી યોગ્ય રીતે થયેલ છે કે કેમ ?
(૧૪) આ યોજના કેટલી ફળદાયી છે તેનો અમલ કેવો થાય છે તે અંગે અભિપ્રાય.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શામજીભાઇ પટેલ)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
(૧) માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.મંત્રીશ્રી (સા.ન્યા.અને અ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ અને ગ્રામ વિકાસ વિભાગ (ગ્રામવિકાસ) સચિવાલય, ગાંધીનગર.
(૬) સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) વિકલાંગો માટેના કમિશ્નરશ્રી, સેકટર-૧૭, ગાંધીનગર.
(૮) ચેરીટી કમિશ્નરશ્રી, અમદાવાદ.
(૯) લોકલફંડ એકઝામીનરશ્રી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૦) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડી.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૨) સબંધિત અધિકારીશ્રીઓ,
(૧૩) સબંધિત અધિકારીશ્રીઓની કચેરીઓ,
(૧૪) પ્રમુખ અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.
(૧૫) સીલેકટ ફાઇલ.

પટેલ/૧૦/૨૧૪/ ૨૨૯